For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ગમખ્વાર અકસ્માત

# રોંગ સાઈડમાં કાર ચલાવતાં બે કાર સામસામે ટકરાઈ સાવરકુંડલાના દંપતીનું ઘટનાસ્થળે કરુણ મૃત્યુ

**સાવરકુંડલા** જતો પરિવાર રસ્તો ભૂલી પડ્યો, ગોધરાથી પરત ફરતી વખતે ઈનોવા સાથે ટક્કર; મંજુસર પોલીસે તપાસ હાથ ધરી



(પ્રતિનિધિ) વડોદરા,તા.4

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર બે કાર સામસામે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં બે લોકોને ઈજા થઈ છે, જ્યારે બે ના કરુણ મૃત્યુ નીપજ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ, સાવરકુંડલા જઈ રહેલો એક પરિવાર રસ્તો ભૂલી પડી જતા ભૂલથી દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ચઢી ગયો હતો. ગોધરા પહોંચ્યા બાદ પોતે રસ્તો ભૂલી ગયાનું જણાતા, ચાલકે કાર રોંગ સાઈડ પર ચલાવી પરત અમદાવાદ એક્સપ્રેસ હાઈવે તરફ જવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમ્યાન સામેથી પુરપાટ ઝડપે આવતી ઈનોવા કાર સાથે રસ્તો ભૂલેલા પરિવારની કાર જોરદાર ભટકાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર મગનભાઈ વાવીયા અને ભાનુબેન વાવીયા રહે. ઘોઘા ગામ, સાવરકુંડલા દંપતીનું ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નિપજ્યું હતું, જ્યારે અન્ય બે લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળે છે. બનાવની જાણ થતાં મંજુસર પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહોને પીએમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. રોંગ સાઈડ ડ્રાઈવિંગના કારણે સર્જાયેલા આ અકસ્માતે ફરી એકવાર હાઈવે પર સલામતીના પ્રશ્નો ઉભા કર્યા છે.

### રણોલી હાઈવે પર ટેન્કર અને બાઈક વચ્ચે અકસ્માત, ચાલકનો બચાવ




વડોદરા નજીક રણોલી-સાંકરદા હાઈવે પર ટેન્કરે બાઈકને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. ટક્કરમાં બાઈક ટેન્કરના પૈડાં નીચે આવી જતાં ભારે નુકસાન થયું હતું. જોકે, બાઈકચાલકનો સદનસીબે બચાવ થયો હતો. હાઈવે પર અવારનવાર અકસ્માત થતાં ગ્રામજનોમાં રોષ છે. ઓવરસ્પીડ અને ટ્રાફિક નિયમોના ભંગ સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

### કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસ સતર્ક

# નવરાત્રિ પહેલાં રાત્રી બજાર સહિતના વિસ્તારમા પોલીસનું સરપ્રાઈઝ ચેકિંગ

ઝોન-4 DCPની આગેવાનીમાં ચેકિંગ, વાહન ડિટેઇન, શકમંદોની પણ પૂછપરછ કરાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરમાં નવરાત્રિ પર્વ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા અત્યારથી જ સઘન ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. રવિવારે હરણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા રાત્રી બજારમાં પોલીસની ટીમે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરી વાહનોની તપાસ કરી હતી તેમજ શંકાસ્પદ ઈસમો પર નજર રાખી હતી.

આગામી નવરાત્રિને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ દ્વારા વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ અને ચેકિંગની કામગીરી તેજ કરવામાં આવી છે. 4 ઓક્ટોબરે ઝોન-4ના ઈન્ચાર્જ નાયબ પોલીસ કમિશનર અભિષેક ગુપ્તા અને એચ ડિવિઝનના ઈન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશનર એમ.એમ. રાજપૂતની આગેવાનીમાં હરણી પોલીસની ટીમે રાત્રી બજારમાં તપાસ હાથ ધરી હતી.

પીઆઈ તથા સ્ટાફે રાત્રી બજારમાં આવતા-જતા વાહનો રોકી તપાસ કરી હતી. નિયમભંગ કરતા અથવા શંકાસ્પદ જણાયેલા વાહનોને ડિટેઈન કરવાની કાર્યવાહી કરાઈ હતી. ઉપરાંત શંકાસ્પદ હિલચાલ જણાતા કેટલાક ઈસમોને રોકી તેમની પણ તપાસ કરવામાં આવી હતી. નવરાત્રિ દરમિયાન રાત્રી બજાર સહિત જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેવાની શક્યતાને પગલે પોલીસ દ્વારા અત્યારથી જ આવા વિસ્તારોમાં પેટ્રોલિંગ અને ચેકિંગ વધારવામાં આવ્યું છે.

અસામાજિક તત્વો પર અંકુશ રાખવા અને તહેવાર દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવાના હેતુથી પોલીસ સતર્ક બની છે.

# શિનોરના છાણભોઈમાં વિધવા મહિલાની હત્યા કરી પ્રેમી ફરાર

**બે વર્ષથી** લીવ-ઇનમાં રહેતા સતીશ વસાવાએ તીક્ષ્ણ હથિયારથી ગળા સહિત શરીર પર ઘા ઝીંક્યા

(પ્રતિનિધિ) શિનોર તા.4

શિનોર તાલુકાના છાણભોઈ ગામે બે વર્ષથી પ્રેમી સાથે લીવ-ઇનમાં રહેતી વિધવા મહિલાની તીક્ષ્ણ હથિયાર વડે હત્યા થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રેમીએ ગળા સહિત શરીરના વિવિધ ભાગે ઘા ઝીંકી મહિલાને મોતને ઘાટ ઉતારી દીધા બાદ ફરાર થઈ ગયો છે. બનાવની જાણ થતાં શિનોર પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી.



છાણભોઈ ગામની નવીનગરી વિસ્તારમાં રહેતી મનીષાબેન કિરણભાઈ વસાવા છેલ્લા આશરે બે વર્ષથી ગામના જ સતીશ વસાવા સાથે લીવ-ઈનમાં રહેતા હતા. આજે સવારે મનીષાબેન લોહીલુહાણ હાલતમાં મળી આવતાં ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મહિલાનું મોત થયું હોવાનું સામે આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં સતીશ વસાવાએ કોઈ અગમ્ય કારણોસર મનીષાબેન પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. હુમલામાં ગળા સહિત શરીરના અન્ય ભાગે ગંભીર ઘા પહોંચતાં મહિલાનું મોત થયું હતું. હત્યા કર્યા બાદ આરોપી સતીશ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.મનીષાબેનના પતિનું આશરે 10 વર્ષ પહેલાં અવસાન થયું હતું અને તેમને એક પુત્રી તથા એક પુત્ર છે. બનાવ અંગે મૃતકના પુત્રની ફરિયાદના આધારે શિનોર પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસે હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા તેમજ આરોપીના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

### વિદેશ મોકલવાની લાલચ અને ઓનલાઈન કેશબેકના નામે ઠગાઈ, બે ગુના નોંધાયા

# તાઈવાન વર્ક વિઝાના બહાને રૂ.૫.૭૧ લાખની ઠગાઈ અને SDPay એપના બહાને રૂ.૨.૨૦ લાખની છેતરપિંડી

**વારસિયા** અને છાણી પોલીસ સ્ટેશનમાં BNS અને IT એક્ટ હેઠળ ગુના નોંધાયા, વીઝા કંપનીના બે સામે ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરા શહેરમાં વિદેશ મોકલવાના અને ઓનલાઈન કેશબેકના બહાને છેતરપિંડીના બે અલગ-અલગ બનાવોમાં પોલીસે ગુના નોંધ્યા છે. જેમાં તાઈવાન વર્ક વિઝાના બહાને રૂ.5.71 લાખની ઠગાઈ અને SDPay એપના બહાને રૂ.2.20 લાખની છેતરપિંડી કરી હોવાના મામલે પોલીસે આગળની તપાસ હાથધરી છે.

વારસિયા પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદ મુજબ ફરિયાદી સાગર સુંદર પુજારી રહે. ઘર નં.7, સંભવી રો-હાઉસ, આશાધર પો.સ્ટે. સામે, ચરીનાકા-દહાણુ રોડ, પોસ્ટ-આશાધર, તા.દહાણુ જી.પાલઘર મહારાષ્ટ્રની ફરિયાદ મુજબ આરોપીઓ (1) વિક્ટોરિયા વીઝન કંપની, શ્રીબાલાજી વીંગ, બેકર હોસ્પિટલની બાજુમાં, ન્યુ વીઆઈપી રોડ, વડોદરાના શ્રેયાંન્શી જોષી અને (2) સોલીસીટર વિનીત શાહ નાઓએ તા.22 એપ્રિલ 2025 થી આજદિન સુધી પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું રચી તાઈવાન દેશમાં વર્ક પરમીટ વીઝા કઢાવી અને નોકરી અપાવવા અને એલાઈન્સ રેસીડેન્સ સર્ટીફીકેટ કઢાવી આપવાના બહાને ફરિયાદી પાસેથી ઓનલાઈન રૂ.21,000 પ્રોસેસ ફી તથા કંપની પેકેજ રૂ.5,40,000 ચેક દ્વારા મળી કુલ રૂ.5,71,500 મેળવી તાઈવાન ખાતે મોકલી 14 દિવસના વીઝીટર વીઝા કરાવી અને 60 દિવસના ખોટા બનાવટી વીઝા બનાવી અને તેને ખરા તરીકે ફરિયાદીને મોકલી અને ખોટા વચન/વાયદા કરી વિશ્વાસ અપાવી, ગુનાહિત ધમકી આપી ગેરકાયદેસર 07 દિવસ રોકાણ કરાવી જેને કારણે ફરિયાદીને રૂ.1,20,000 નો દંડ ભરવો પડ્યો હતો. જે રકમ પરત ન આપી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હતો.

જ્યારે, છાણી પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ ફરિયાદી પરમાર હિતેશભાઈ ખુમાનસિંહ રહે. તળાવવાળું ફળિયું, શાહ ફળિયાની પાછળ, મહાકાળી મંદિર પાસે, દશરથ, વડોદરાની ફરિયાદ મુજબ ગઈ તા.14 ફેબ્રુઆરી 2026 થી તા.31 ઓગસ્ટ 2026 સુધી દશરથ સામેવાળાઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી ફેબ્રુઆરી 2026 થી તા.31 ઓગસ્ટ 2026 સુધી વેબસાઈટ https://www.sdpav.co.in પર રોકાણ કરવાને બહાને રૂ.2,20,000 ઓનલાઈન ટ્રાન્સફર કરાવડાવી તે રકમ વેબસાઈટમાં કેશબેક સાથે રૂ.2,43,597.61 બતાવતી હતી. જે કેશબેક સાથેની રકમ ઉપાડવા જતા રકમ પરત નહીં મળતા અને કેશબેક નાં મેસેજ મોકલી વિશ્વાસમાં લેવા સારુ એકબીજાની મદદગારી કરી વિશ્વાસઘાત છેતરપિંડી કરી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથધરી છે.

# હરણીમાં ખુલ્લી ડ્રેનેજમાં ભેંસનું બચ્ચું ખાબક્યું

**ફાયર** બ્રિગેડે બે કલાકની જહેમત બાદ હેમખેમ બહાર કાઢ્યું**

**ખુલ્લી** ડ્રેનેજને પગલે પાલિકા સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ



(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરના હરણી વિસ્તારમાં ખુલ્લી વરસાદી ડ્રેનેજ લાઈનના ખાડામાં ભેંસનું બચ્ચું ખાબકતાં તંત્રની બેદરકારી સામે આવી છે. વહેલી સવારે પશુપાલક ગોપાલભાઈ ભરવાડનું ભેંસનું બચ્ચું અચાનક ખુલ્લી ડ્રેનેજમાં પડી ગયું હતું. ઘટનાને પગલે પશુપાલકે ફાયર કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી.

માહિતી મળતાં પાણીગેટ ફાયર સ્ટેશનની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર જવાનોએ અંદાજે બે કલાકની ભારે જહેમત બાદ ડ્રેનેજમાં ફસાયેલા બચ્ચાને હેમખેમ બહાર કાઢ્યું હતું. પશુનો જીવ બચતાં પશુપાલક સહિત સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઘટનાને પગલે સ્થાનિકોમાં પાલિકા તંત્ર સામે રોષ જોવા મળ્યો હતો. રસ્તા વચ્ચે ખુલ્લી પડેલી વરસાદી ડ્રેનેજ માનવજીવન માટે પણ જોખમી બની શકે તેવી સ્થિતિમાં હોવાનો આક્ષેપ સ્થાનિકોએ કર્યો હતો. જો કોઈ બાળક કે રાહદારી તેમાં પડી જાય તો ગંભીર દુર્ઘટના સર્જાઈ શકે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

સ્થાનિકોએ પાલિકા તંત્રને તાત્કાલિક ખુલ્લી ડ્રેનેજનું લેવલ કરી મજબૂત ઢાંકણ ફિટ કરવાની માંગ કરી છે, જેથી ભવિષ્યમાં પશુ કે નાગરિક અકસ્માતનો ભોગ ન બને.

### ૪૦ દિવસથી વરસાદ નહીં છતાં ખાડાઓનું સમારકામ બાકી

# જેતલપુર ગરનાળાનો રસ્તો ખાડામાં અકસ્માતનો ભય:વાહનચાલકો પરેશાન

**પ્રિયદર્શની** મીલ પાસેના બિસ્માર માર્ગ પર હજારો વાહનોની અવરજવર

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરના જેતલપુર વિસ્તારમાં પ્રિયદર્શની મીલ નજીક સાઈબાબા મંદિર પાસેના ગરનાળાનો માર્ગ છેલ્લા કેટલાક સમયથી બિસ્માર બન્યો છે. રસ્તા પર ઠેર-ઠેર મોટા અને ઊંડા ખાડા પડી જતાં અહીંથી પસાર થતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, શહેરમાં છેલ્લા આશરે 40 દિવસથી વરસાદ પડ્યો નથી, તેમ છતાં રસ્તાની મરામત કરવામાં આવી નથી. ખાડાઓને કારણે વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. ખાસ કરીને રસ્તાની બાજુમાં ગટર હોવાથી વાહનચાલકનું સંતુલન ખોરવાય તો ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ છે.

સામાજિક કાર્યકર વિઠ્ઠલ આયરે દ્વારા પાલિકા તંત્ર અને વોર્ડ નં. 12ના અધિકારીઓ સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમના જણાવ્યા મુજબ, અગાઉ ચોમાસા દરમિયાન ગરનાળામાં પાણી ભરાવાની સમસ્યા રહેતી હતી. પાલિકા દ્વારા આ સમસ્યામાં રાહત મળી છે, પરંતુ હવે રસ્તા પર



સર્જાયેલા મોટા ખાડાઓનું યોગ્ય પુરાણ અને સમારકામ કરાયું નથી.

આ વિસ્તારમાં મોટી સંખ્યામાં વાહનોની અવરજવર રહે છે અને આસપાસ રહેણાંક વિસ્તાર પણ આવેલો છે. તેથી પાલિકા તંત્ર તાત્કાલિક રસ્તાનું સમારકામ કરી નાગરિકોને રાહત આપે તેવી માંગ ઉઠી છે. વહેલી તકે કાર્યવાહી નહીં થાય તો અકસ્માતની જવાબદારી કોની રહેશે તે અંગે પણ સવાલો ઉઠ્યા છે.

### નંદેસરીના ગોકુળ સોસાયટી પાસેની ઘટના

# ૩૦ વર્ષીય યુવાનને ડાબા કાનની પાછળ સાપ કરડ્યો

**સમયસર** સયાજી હોસ્પિટલ પહોંચાડતાં તબીબોએ સારવાર શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા. તા.4

વડોદરા શહેર નજીક નંદેસરી ગામની ગોકુળ સોસાયટીમાં રહેતા 30 વર્ષીય યુવાનને ઝેરી સાપે ડંખ મારતાં સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સમયસર 108 એમ્બ્યુલન્સ સેવા મળતાં યુવાનનો જીવ બચી ગયો હતો.

મળતી માહિતી મુજબ, ગોકુળ સોસાયટીમાં રહેતા રવિ બિરેન્દ્ર રામ પોતાના ઘર આસપાસ હતા ત્યારે અચાનક સાપે તેમના ડાબા કાનની પાછળના ભાગે ડંખ માર્યો હતો. સાપ કરડ્યાની જાણ થતાં પરિવારજનોમાં ગભરાટ ફેલાયો હતો. જોકે, સમય ગુમાવ્યા વગર 108 ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

કોલ મળતાં 108ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. એમ્બ્યુલન્સ સ્ટાફે યુવાનને પ્રાથમિક સારવાર આપી તેમની સ્થિતિ સ્થિર રાખવાના પ્રયાસો કર્યા બાદ વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં તબીબોએ તપાસ બાદ જરૂરી સારવાર શરૂ કરી હતી. સાપ કરડવાના કિસ્સામાં સમયનું મહત્વ હોવાથી એન્ટી-સ્નેક વેનમ સહિતની દવાઓ આપવામાં આવી હતી. હાલ યુવાનની તબિયત નિયંત્રણ હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

સાપ કરડે ત્યારે ગભરાયા વિના દર્દીને શાંત રાખી તાત્કાલિક 108 અથવા નજીકની હોસ્પિટલનો સંપર્ક કરવો જરૂરી છે.

### ચાંપાનેર દરગાહ પાસે પોલીસની ગાડી પર ચઢી યુવકનો હોબાળો



■ વડોદરા શહેરના ચાર દરવાજા વિસ્તારમાં ચાંપાનેર દરગાહ પાસે એક યુવક પોલીસની ગાડી પર ચડી જતાં ભારે હોબાળો મચ્યો હતો. યુવક અચાનક પોલીસની ગાડી પર ચઢી ગયો હતો અને ત્યાં ધતિંગ કરતાં તેની હરકતોને પગલે આસપાસના લોકોમાં કુતૂહલ સાથે ફફડાટ ફેલાયો હતો. યુવકના અસામાન્ય વર્તનને જોવા માટે ઘટનાસ્થળે લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. સમગ્ર ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વીડિયોમાં યુવક પોલીસની ગાડી પર ચડેલો સ્પષ્ટ જોવા મળે છે. યુવકનું આ પ્રકારનું વર્તન શા માટે હતું તે અંગે સ્થાનિકોમાં અનેક તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે. યુવક નશાની હાલતમાં હતો કે માનસિક રીતે અસ્વસ્થ હતો તે અંગે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. સ્થાનિકોએ પોલીસ દ્વારા યુવકની અટકાયત કરી સમગ્ર ઘટનાની તપાસ કરવાની માંગ કરી છે.

# શિનોરના સુરશામળમાં અકસ્માતમાં ઘાયલ ૪ વર્ષની બાળકીનું મોત

**૩૪ દિવસ** સુધી મોત સામે ઝઝૂમ્યા બાદ સયાજી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ

**ઈકોની** અડફેટે ગંભીર ઈજા થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું

(પ્રતિનિધિ) વડોદરા. તા.૪

શિનોર તાલુકાના સુરશામળ ગામે 1 સપ્ટેમ્બરે સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલી ચાર વર્ષની માસૂમ બાળકી નેહા નરસિંહભાઈ રાઠવાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. 4 ઓક્ટોબરે વડોદરાની સયાજી હોસ્પિટલના પીઆઈસીયુ વોર્ડમાં બાળકીનું મોત થતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી.

મળતી માહિતી મુજબ, નેહા ગત 1 સપ્ટેમ્બરે સુરશામળ ગામે હતી ત્યારે પૂરઝડપે આવેલી ઈકો ગાડીએ તેને અડફેટે લીધી હતી. અકસ્માતમાં બાળકી ફંગોળાઈ જતાં તેના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન બાળકીની સ્થિતિ ગંભીર બનતાં તેને પીઆઈસીયુમાં રાખવામાં આવી હતી. અર્ધબેભાન હાલતમાં રહેલી નેહાને ખેંચ પણ ઉપડતી હતી. તબીબોની ટીમ દ્વારા સતત મોનિટરિંગ અને સારવાર કરવામાં આવી હતી. બાળકી આશરે 34 દિવસ સુધી જીવન-મરણ વચ્ચે ઝઝૂમતી રહી હતી.

આખરે સારવાર કારગત ન નીવડતાં રવિવારે ફરજ પરના તબીબોએ નેહાને મૃત જાહેર કરી હતી. એકમાત્ર દીકરીના મોતથી પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. પોલીસે અકસ્માત અંગે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પોક્સો કેસનો ફરાર આરોપી સાઢલીના ખેતરમાંથી ઝડપાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા.4

કરાલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સો સહિતના ગુનામાં ફરાર આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી લીધો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. તોમરના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ આરોપીની શોધખોળમાં હતી. દરમિયાન આરોપી દિલીપભાઈ નાગલીયાભાઈ નાયકા (ઉ.વ. 18/19), રહે. સાઢલી, વોડુ ફળિયા, તા. જેતપુર પાવી, સાઢલીના ખેતરોમાં છુપાયો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસ કરી આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીને કરાલી પોલીસ સ્ટેશનના ગુનામાં અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ગુનો BNS કલમ 65(1) તથા પોક્સો એક્ટની કલમ 4 મુજબ નોંધાયો છે.



### રિપેરિંગના અભાવે અંતિમવિધિ માટે આવતા પરિવારજનો પરેશાન

# પર્યાવરણની વાતો વચ્ચે માંજલપુર મુક્તિધામની ગેસ ચિતા મહિનાથી બંધ

**ચોમાસામાં** ભીના લાકડાં વચ્ચે ગેસ ચિતા ફરી શરૂ કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

શહેરમાં એક તરફ પર્યાવરણ જાળવણી માટે વૃક્ષારોપણ સહિતના જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ માંજલપુર મુક્તિધામ ખાતે પર્યાવરણપૂરક ગેસ ચિતા છેલ્લા એક મહિનાથી વધુ સમયથી બંધ હાલતમાં છે. સુવિધા બંધ હોવાથી અંતિમસંસ્કાર માટે આવતા મૃતકોના પરિવારજનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

માંજલપુર મુક્તિધામ ખાતેની ગેસ ચિતાની સુવિધા 'મંગલેશ્વર મહાદેવ જલારામબાપા ટ્રસ્ટ' દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને



સુપ્રત કરવામાં આવી હતી. જોકે, જાળવણીના અભાવે આ સુવિધા લાંબા સમયથી બંધ હોવાનું સ્થાનિક જાગૃત નાગરિકોનું કહેવું છે. આ અંગે મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી તાત્કાલિક રિપેરિંગની માંગ કરવામાં આવી છે.

હાલમાં શહેરના સ્મશાનોનું સંચાલન કોન્ટ્રાક્ટ પદ્ધતિથી થાય છે. આવી સ્થિતિમાં સુવિધાઓ નિયમિત રીતે કાર્યરત છે કે નહીં તેની દેખરેખ રાખવાની જવાબદારી તંત્રની રહે છે. છતાં ગેસ ચિતા લાંબા સમયથી બંધ હોવા છતાં યોગ્ય કાર્યવાહી ન થતાં નાગરિકોમાં નારાજગી જોવા મળી રહી છે. ખાસ કરીને ચોમાસામાં ભીના લાકડાંના કારણે અગ્નિદાહમાં મુશ્કેલી પડે છે. આવા સમયે ગેસ ચિતા પર્યાવરણપૂરક અને સમય બચાવતો વિકલ્પ બની રહે છે.

# નીતિન ગડકરીના પ્રવાસને પગલે વડોદરામાં ચુસ્ત સુરક્ષા

**સયાજી** હોસ્પિટલમાં ડોગ-બોમ્બ સ્ક્વોડની સઘન તપાસ

**એરપોર્ટથી** કેવડિયા રૂટ પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

(પ્રતિનિધિ) વડોદરા. તા.૪

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીના આવતીકાલના વડોદરા-કેવડિયા પ્રવાસને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. ગડકરી વડોદરા એરપોર્ટ પર આગમન બાદ કેવડિયા જવાના હોવાથી પ્રવાસ માર્ગ પરના મહત્વના સ્થળોએ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

સુરક્ષાના ભાગરૂપે આજે સયાજી હોસ્પિટલ પરિસરમાં પોલીસના સ્પેશિયલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. હોસ્પિટલના વોર્ડ, પ્રવેશ-બહાર નીકળવાના સ્થળો તેમજ મહત્વના પોઈન્ટ્સની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી.

વીવીઆઈપી પ્રવાસને પગલે વડોદરા પોલીસ કમિશનરની દેખરેખ હેઠળ એરપોર્ટથી કેવડિયા સુધીના રૂટ પર પોલીસકર્મીઓનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સુરક્ષામાં કોઈ ચૂક ન રહે તે માટે શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી છે.

પોલીસ અધિકારીઓ દ્વારા પ્રવાસ માર્ગ તથા સંબંધિત સ્થળોની સુરક્ષા વ્યવસ્થાની સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. ગડકરીના પ્રવાસને પગલે શહેરમાં પોલીસનો વ્યાપક બંદોબસ્ત જોવા મળી રહ્યો છે. મહત્વના જંકશનો અને સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના પોલીસ કર્મચારીઓ તૈનાત કરી ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.